જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૨/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૨૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૭ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૧૮૮ લીટર દેશી દારૂ, ૩૩૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ કાર, ૧ રિક્ષા અને ૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૨૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૬૨૬/૧૭**

**કાગડાપીઠઃ** નદીમભાઇ કાદરભાઇ અબ્દુલ્લા ચૌહાણ (ઉ.વ.૨૭) (રહે.ગરીબ નવાઝ કોલોની, સોમનાથ ટોકીઝ પાછળ ચાંચીયા પાન સેન્ટર વેરાવળ જી.ગીર સોમનાથ ) એ તા.૨૯/૧૨/૧૭ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) રવિન્દ્ર પુલકિતસિંગ (૨) જ્યોત્સના સમીર જોન અને (૩) મનહરભાઇ (રહે.એસ.ટી.હબટાઉન ગીતામંદિર) એ ભેગા મળી માહે ઓગસ્ટ-૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ગીતામંદિર એસ.ટી.હબટાઉન ખાતે ગ્લોબલ ઓવરસીઝ નામની ઓફીસ ખોલી વિદેશમાં નોકરી આપાવવાની લાલચ આપી નદીમભાઈ તથા અન્ય સાહેદ મિત્ર ઇલીયાસના કુલ રૂપિયા ૨,૧૯,૦૦૦/- મેળવી લઈ આજદિન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જે.હુણ ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૨૬૨૭/૧૭**

**સરદારનગરઃ** મહેબુબ હબીબ ઉલહરીન (રહે. ગામ ૩૯ ઝખીરા થાના પોસ્ટ કિબ્બા જીલ્લાઅ બરેલી યુ.પી.) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૨૯/૧૨/૧૭ ના ક્લાક ૪/૨૦વાગે થી ૧૯/૦૦ વાગ્યા દરમ્યાન અમદાવાદ ઇંટરનેશનલ એરપોર્ટના સ્પાઇજેટ બસમાંથી અજાણી વ્યક્તિએ મહેબુબ હબીબ ઉલહરીનના પત્નીના પર્સમાંથી ડાઇમંડ જવેલરી કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ હાંસોલ પોલીસ ચોકીના ઈન્ચાર્જ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૮/૧૭**

**નિકોલઃ** હરેશભાઇ રમેશભાઇ વનરા (ઉ.વ.૩૪) (રહે.ભોજલધામ રેસીડેન્સી,અબજીબાપા ગ્રીન પાસે, પામ હોટલ વિરાટનગર રોડ નિકોલ) તા.૨૮/૧૨/૧૭ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઉત્તમનગર ૮૦ ફુટ રોડ ખોડીયાર માતાજીના મંદીરની પાસે આવેલ ખોડલરાજ ટ્રાવેલ્સની ઓફીસ સામેથી લ્યુના ચલાવી પસાર થઈ રહયા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હરેશભાઈના લ્યુનાના હુકમાં ભરાવેલ થેલી ખેચી લઈ નાસી ગયા હતા. આ થેલીમાં રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ હરેશભાઈ વનરાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**સોનાનુ ડોકીયું ઝુંટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૯/૧૭**

નરોડાઃ કીંજલબહેન રવિલાલ પટેલ (ઉ.વ.૨૯) (રહે.ક્રિષ્ણા બંગ્લોઝની સામે નાનાચિલોડા નરોડા) તા.૨૯/૧૨/૧૭ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે નરોડા નાના ચિલોડા શ્રીનાથ કલાસીસ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કીંજલબહેનના ગળામાંથી સોનાનુ ડોકીયુ કિમત રૂપિયા ૯૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કિંજલબહેન પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૬૩૦/૧૭**

**નારોલઃ** રાજુભાઇ રણછોડભાઇ પંચાલ (રહે.સાંદળીયાની ડેલી મેલડીમાતા ચોક બાવળા)) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે રાજુભાઈ પંચાલની પત્ની કુંદનબહેન (ઉ.વ.૪૨) પીરાણા રોડ ક્રોસ કરતા હતા ત્યારે એક ટાટા ૪૦૭ ગાડી નંબર જીજે ૨૩ એક્સ ૩૧૨૫ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા કુંદનબહેનને ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુનિપજયુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.આઇ.શેખ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૬૩૧/૧૭**

**ચાંદખેડાઃ** સીતાબહેન સવજીભાઇ (ઉ.વ.૨૬) (રહે. ભૈરવનાથની ચાલી વેલજીભાઇનો કુવો મોટેરા) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૧૭ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇશ્રી ડી.એસ.ડાભી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.